# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૯/૭/૨૦૨૧

તંત્રીશ્રી, _______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વનિતા વિશ્રામ આર્ટ ગેલેરીમાં ૭૦થી વધુ કલાકારોના પેઇન્ટીંગ એકઝીબીશન 'RAY' નો આજથી શુભારંભ

**કોરોનાને કારણે પોતાની આવક ગુમાવનારા કલાકારોને આત્મનિર્ભર થવા માટે ચેમ્બર તથા ક્રિએટીવ હાઇવ સ્ટુડીયોના સંયુકત ઉપક્રમે એકઝીબીશન યોજાયું છે : દિનેશ નાવડિયા**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ક્રિએટીવ હાઇવ સ્ટુડીયોના સંયુકત ઉપક્રમે આજથી આગામી તા. ૧૧ જુલાઇ ૨૦૨૧ના સવારે ૧૧:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યા દરમ્યાન અઠવાગેટ સ્થિત વનિતા વિશ્રામ આર્ટ ગેલેરી ખાતે સુરત શહેરના ૭૦થી વધુ કલાકારોના પેઇન્ટીગ એકઝીબીશન 'RAY'નું આયોજન કરવામાં આવ્યું છે. આ એકઝીબીશન સવારે ૧૧:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યા દરમ્યાન શહેરની જનતા માટે ખુલ્લું રહેશે.

આજે સવારે ૧૧:૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાના હસ્તે 'RAY' એકઝીબીશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોરોનામાં જરૂરિયાતમંદ કલાકારોના જીવનમાં અંધકાર જેવો માહોલ છવાઇ ગયો હતો. આ અંધકારને દૂર કરવા માટે 'RAY' એટલે આશાની કિરણથી ઉજાસ પાથરવાની જરૂરિયાત હતી. જરૂરિયાતમંદ કલાકારો લગભગ એક–દોઢ વર્ષ સુધી કોઇ જ એકટીવિટી કરી શકયા ન હતા. જેથી તેઓની આર્થિક સ્થિતિ નબળી થઇ ગઇ હતી. આથી ચેમ્બર દ્વારા આવા પ્રકારનું એકઝીબીશન કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. આ એકઝીબીશન થકી જરૂરિયાતમંદ કલાકારોને ફરીથી પગભર થવા માટેનું એક

પ્લેટફોર્મ મળી રહેશે અને તેઓ જીવનમાં ફરીથી નવા જોમ સાથે આગળ વધી શકશે. તેમણે શહેરીજનોને એકઝીબીશનની મુલાકાત લેવા અને પેઇન્ટીગની ખરીદી કરવા માટે અનુરોધ કર્યો હતો.

ક્રિએટીવ હાઇવ સ્ટુડીયોના ફાઉન્ડર ચરણજીત સિંગે જણાવ્યું હતું કે, આ એકઝીબીશનમાં ૭૩ જેટલા કલાકારોએ ભાગ લીધો છે અને ૧૦૦ જેટલી પેઇન્ટીંગ્સ પ્રદર્શનમાં મુકવામાં આવી છે. આ કલાકારોમાં મોટા ભાગના જરૂરિયાતમંદ કલાકારો છે. જ્યારે કેટલાક શોખને કારણે પેઇન્ટીગ કરે છે. બે બાય બેના કેન્વાસમાં બનેલા આ ચિત્રો પ્રદર્શનમાં વેચાણ માટે મુકવામાં આવ્યા છે. અહી મુકાયેલી પેઇન્ટીંગ્સ રૂપિયા ૧૫ હજારથી લઇને રૂપિયા ૩૫ હજારની કિંમતની છે, પરંતુ જાહેર જનતા પણ તેનો લાભ લઇ શકે તે માટે દરેક પેઇન્ટીગની કિંમત એકસરખી રૂપિયા છ હજાર રાખવામાં આવી છે. એકઝીબીશન શરૂ થયાના એક કલાકમાં જ છ પેઇન્ટીગનું વેચાણ થયું હતું.

અલ્પા જરીવાળા, શિતલ ગાંધી, મનિષ ચૌધરી, આકાશ ખરસડીયા વિગેરેની છ પેઇન્ટીગનું એક કલાકની અંદર જ વેચાણ થઇ ગયું હતું. મનિષ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રથમ વખત આ એકઝીબીશનમાં પોતાની પેઇન્ટીગ મુકી હતી. સુરત શહેરના હાર્દ સમા ભાગળ ચાર રસ્તા ખાતેનું દૃશ્ય તેમણે પોતાની કૃતિમાં રજૂ કર્યુ હતું અને જે ઘણા લોકોને ગમ્યું હતું.

કલાકાર આકાશ ખરસડીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષથી તેઓ પેઇન્ટીગ બનાવે છે અને તેનું વેચાણ કરીને જીવન નિર્વાહ ચલાવે છે. કોરોનાને કારણે એક–દોઢ વર્ષનો સમયગાળો ઘણો કપરો રહયો હતો. તેઓ પેઇન્ટીગ બનાવી લેતા હતા પણ તેનું વેચાણ કરી શકતા ન હતા. આથી આ એકઝીબીશનમાં તેમની પેઇન્ટીગ કલાકમાં જ વેચાઇ ગઇ હતી. તેમણે ભગવાન બુદ્ધાની પેઇન્ટીગ રજૂ કરી હતી.

અન્ય કલાકાર રઘુવીર સિંહે જણાવ્યું હતું કે, તેમણે ગુલ્લક નામથી કવિતા લખી હતી અને તેને એક ચિત્રમાં રજૂ કરી હતી. તેમની કૃતિ એવો સંદેશો આપે છે કે મનુષ્ય આખી જિંદગી ગોલ્ડ કોઇન (રૂપિયા) માટે દોડધામ કરે છે પણ તેની જરૂરિયાત ખૂબ જ ઓછી હોય છે અને તેણે તેમાં જ સંતુષ્ટ થવું જોઇએ.

છેલ્લા ૨૫ વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ફરજ અદા કરનાર અવની દેસાઇએ જણાવ્યું હતું કે, કોરોનાના સમયમાં પોતાના માટે વિચારી શકયા હતા. પેઇન્ટીગનો શોખ હોવાથી તેઓએ ઘણી પેઇન્ટીગ બનાવી હતી. જેમાંથી બે પેઇન્ટીગ આ પ્રદર્શનમાં મુકી છે. તેમણે કહયું કે, બંને પેઇન્ટીગના વેચાણથી જે રૂપિયા આવશે તે ચેરીટી માટે વાપરશે.

**'RAY'** એકઝીબીશનના ઉદ્‌ઘાટન સમારોહમાં ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતી, વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલા, માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્‌ ખજાનચી મનિષ કાપડીયા અને ચેમ્બરની ઇનોવેશન એન્ડ સ્ટાર્ટ–અપ કમિટીના ચેરમેન મયંક દેસાઇ ઉપસ્થિત રહયા હતા.